INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૦-૦૭-૨૦૨૩

**અમદાવાદ સાબરમતિ રીવરફ્રન્ટમાં ક્રુઝ સંચાલકને ફાયદો કરાવવાના હેતુએ ૭૫ લાખ અમદાવાદીઓને બાનમાં લીધા હોય તેવી પરિસ્થિતિ** નિર્માણ માટે જવાબદાર ભાજપા સરકારના ભ્રષ્ટ શાસકોની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મોન્સુન મેઈન કન્ટ્રોલ રૂમથી રાજ્ય સરકારના સિંચાઈના અધિકારીને સત્તાવાર ઈ-મેઈલ કરીને "૨જી જુલાઈના રોજ રીવરક્રુઝનું ઉદઘાટન છે ત્યારે સાબરમતિ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કંપની લીમીટેડ (SRFDCL) તરફથી વિનંતી હતી કે સાબરમતિ નદીનું વોટરલેવલ ૧૩૪.૫ ફુટ વાસણા બેરેજમાં રાખવામાં આવે જેથી ક્રુઝનું યોગ્ય રીતે પરિક્ષણ થઈ શકે. જી૨૦ ની અગત્યની બેઠક જેમાં ૫૫ શહેરોના પ્રતિનિધિઓ અમદાવાદ આવવાના છે. એટલે વોટરલેવલ ૧૩૪.૫ ફુટ રાખવામાં આવે". સાબરમતિ નદી રિવરફ્રન્ટમાં ક્રુઝ ચલાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાબરમતિ નદીનું લેવલ વધારી રાખ્યું. **ભાજપા શાસકોએ ૭૫ લાખ શહેરી નાગરિકોની ચિંતા કરવાને બદલે ખાનગી ક્રુઝ સંચાલકની સુવિધા-સગવડતાની ચિંતા કરી**. હવામાન ખાતાની ભારે વરસાદની આગાહી હોવા છતાં માત્રને માત્ર ખાનગી ક્રુઝ સંચાલકના ફાયદા માટે ભાજપ શાસીત કોર્પોરેશનના સત્તાધિશોએ જ સત્તાવાર રીતે ઈ-મેઈલ કરીને ૧૩૪.૫ ફુટની સપાટી જાળવી રાખવા માંગણી કરી હતી. ચોમાસામાં ભારે વરસાદની આગાહી હોય ત્યારે સામાન્ય રીતે સાબરમતીની સપાટી ૧૨૮ ફુટની આસપાસ રખાતી હોય છે. શુક્રવારે ૧ ઈંચ વરસાદમાં અમદાવાદના અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. ૧ ઈંચ જેટલો વરસાદ પડતા સી.જી. રોડ તેમજ મધ્ય ઝોનના પાંચકુવા, કાલુપુર, શાહપુર, રીલીફ રોડ, ગાયકવાડ હવેલી, જમાલપુર, વાસણા સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. **૨૦૦ થી વધુ વિસ્તારોમાં રોડ રસ્તામાં મોટા પાયે ખાડા, મોનસૂન પ્લાન ના કરોડો રૂપિયા ફરી એક વખત પાણીમાં ગયા, ૧૦૦ થી વધુ ભૂવા પડ્યા. દર વર્ષે પડી રહેલા ભૂવા, ધોવાતા રસ્તા માટે ભાજપાના ભ્રષ્ટ શાસકોની જવાબદારી કેમ નક્કી થતી નથી ?** ભાજપાના ભ્રષ્ટ શાસકોના કારણે હેરીટેજ સીટી - સ્માર્ટ સીટી અમદાવાદની ઓળખને મોટુ નુકસાન થાય તે રીતે ભૂવા નગરી - ખાડાબાદ બની ગયુ અમદાવાદ. ઠેર-ઠેર પાણી ભરાતા હજારો વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા. ઠેર-ઠેર પાણી ભરાતા ત્રણ થી ચાર કલાક વાહન ચાલકો - શહેરી નાગરિકો અટવાયા. નિર્ધારીત કરતા વધુ પાણીનો ભરાવો થતા સત્તાધીશોને વાંકે લાખો નિર્દોષ નાગરિકો પાણીમાં ફસાયા. કોર્પોરેશના ભ્રષ્ટ શાસકોના કારણે ૩૦ લાખ કરતા વધુ માનવ કલાકો વેડફાયા ત્યારે **અમદાવાદના ૭૫ લાખ શહેરી નાગરિકોના જીવ-જીવનને મુશ્કેલીના ખાડામાં ધકેલી દેનાર ભાજપાના તઘલખી શાસકો સામે પગલા ભરવા કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ** કરી છે.

મનિષ દોશી

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા ક ન્વીનર અને પ્રવક્તા